# પ્રકરણ - (૩)

## અલંકાર (વેષભૂષા)

ભરતમુનિ જણાવે છે તેમ શરીરના વિવિધ અવયવો ઉપર ધારણ કરવામાં આવતી પુષ્પમાળાઓ, ઘરેણાં તથા વસ્ત્રોનો પ્રયોગ અંગ તથા ઉપાંગ વિધાનમાં 'અલંકાર' કહેવાય છે.

અલંકારસ્તુ વિજ્ઞેયો માલ્યાભરણવાસસામ્ ।
નાનાવિધઃ સમાયોગો ઽપ્યઙ્ગોપાઙ્ગવિધિઃ સ્મૃતિઃ ॥

(અધ્યાય ૨૩ શ્લોક ૧૦)

આમ, આધુનિક રંગમંચ ઉપર જેને આપણે 'વેષભૂષા વિધિ' કહીએ છીએ તેનો સમાવેશ ભરતમુનિએ 'અલંકાર' અંતર્ગત કર્યો છે. રંગમંચ ઉપર પ્રસ્તુત પાત્રોના માલ્ય, આભરણ અને વસ્ત્ર આદિ દ્વારા જે મનોહર પ્રસાધન થાય છે તેને ભરતમુનિએ અલંકારની અન્વર્થ સંજ્ઞા આપી છે. પાત્રનું અલંકરણ મુખ્યત્વે ત્રણ પ્રકારે થાય છે. (૧) માળાધારણ (૨) આભૂષણ પરિધાન તથા વેશવિન્યાસ. વેશવિન્યાસ અંતર્ગત પાત્રોનાં વિવિધ વેષ, કેશરચના તથા મુકુટ વિધાનનો પણ સમાવેશ થાય છે.

### માળા ધારણ

માળા ધારણ અંતર્ગત ભરતમુનિએ માળા દ્વારા થતું શરીરનું પ્રસાધન વર્ણવ્યું છે. પ્રશિષ્ટ સંસ્કૃત નાટકોમાં આવતાં પાત્રો આધુનિક સામાજિક નાટકોમાં આવતાં પાત્રો કરતાં ભિન્ન હતાં એટલે આજે અપ્રસ્તુત લાગતી પુષ્પમાળાઓ એ જમાનામાં નાટકીય હેતુ માટે પ્રયોજાતી હતી.

### પુષ્પમાળાઓ (માલ્ય)

ભરતમુનિના મત પ્રમાણે પુષ્પમાળાઓ/માળાઓ પાંચ પ્રકારની હોય છે. (૧) વેષ્ટિમ (૨) વિતત (૩) સંઘાત્ય (૪) ગ્રંથિમ તથા (૫) પ્રાલમ્બિત.

(અધ્યાય ૨૩ શ્લોક ૧૧ )

ભરતમુનિએ પાંચ પ્રકારની પુષ્પમાળાઓનાં માત્ર નામજ નિરુપ્યાં છે, તેમના લક્ષણો વર્ણવ્યા નથી. આચાર્ય અભિનવગુપ્તની ટીકા પ્રમાણે વેષ્ટિત માળામાં, લીલો પાંદડાઓ તથા રંગબેરંગી ફુલો એકઠા કરી તેમને આવેષ્ટિત અર્થાત વીંટી લેવામાં આવે છે. વેષ્ટિતનો અર્થજ વીંટેલું એવો થાય છે. વિતત પ્રકારમાં પુષ્પમાળા પ્રસૃત અર્થાત પ્રસરેલી રહે છે. સંઘાત્યમાં ફુલોની ડાખળી સુત્રમાં અદૃશ્યરુપે સંગ્રહીત રહે છે. ગ્રથિતમાં ફુલોને ગુંથવામાં આવે છે તથા પ્રલંબિત પ્રકારમાં માળા પુષ્પો વડે ગુંથેલી તથા લાંબી રાખવામાં આવે છે.

(અભિભા. ભાગ ૩ પૃ. ૧૧૦-૧૧)

ભરતમુનિએ પુષ્પમાળાઓના વિનિયોગ સંબંધી ચર્ચા કરી નથી. અર્થાત કયા પ્રકારના પાત્રે કયારે કેવા પ્રકારની પુષ્પમાળા ધારણ કરવી જોઇએ તેનું સુચન કર્યું નથી. પાત્રના દેશ, જાતિ, પ્રકૃતિ, વય પ્રમાણે માલ્ય યોજના નિરુપી નથી. કદાચ પુષ્પમાળાઓ 'શોભાહેતુ' ધારણ કરવામાં આવતી હોય એમ પણ બની શકે. અથવા તો પછી દિવ્ય પાત્રોને મર્ત્ય પાત્રોથી અલગ તારવવા માટે પણ પ્રયોજાતી હોય. પુરુષોએ આખા શરીરે પુષ્પમાળાઓ ધારણ કરવી જોઇએ એવું ભરતમુનિનું અન્યત્ર (શ્લોક ૨૦) વિધાન છે એટલે આ પાંચ પ્રકારની માળાઓ પુરુષ-પાત્રો દ્વારા ધારણ કરવામાં આવતી હશે એવું અનુમાન કરી શકાય.

## આભુષણ-પરિધાન

આભૂષણ-પરિધાન'માં પ્રયોગની વિવિધ શૈલીઓ પર આધારિત વિવિધ આભરણ-ઘરેણાં ધારણ કરવા સંબંધી ચર્ચા ભરતમુનિએ પ્રસ્તુત કરી છે. પ્રથમ આભરણના વિવિધ પ્રકારો નિરુપી ત્યાર બાદ પુરુષ અને સ્ત્રી પાત્રો દ્વારા ધારણ કરવામાં આવતા આભરણ વર્ણવી અલંકારના પ્રયોગ સંબંધી કેટલાક નિયમો તથા અલંકાર નિર્માણવિધિ ભરતમુનિ વર્ણવે છે.

## આભરણ / ઘરેણાં

ભરતમુનિ જણાવે છે તેમ નાટ્યપ્રયોગમાં શરીર પર ધારણ કરવામાં આવતાં ઘરેણાં ચાર પ્રકારના હોય છે. (૧) આવેધ્ય (૨) બન્ધનીય (૩) પ્રક્ષેપ્ય (૪) આરોપ્ય.

(અધ્યાય ૨૩ શ્લોક ૧૨ )

| આભરણ | લક્ષણ | વિનિયોગ |
|---|---|---|
| (૧) આવેધ્ય | અંગો વીંધીને પહેરવામાં આવે તેવાં ઘરેણાં | કાનનાં કુંડળ, નાકની નથની વિગેરે |
| (૨) બંધનીય | અંગો સાથે બાંધીને પહેરાય તેવાં ઘરેણાં | કંદોરો<br>કમરપટ્ટો (શ્રોણિસૂત્ર)<br>બાજુબંધ (બાહુબંધ ) |
| (૩) પ્રક્ષેપ્ય | અંગો ઉપર પહેરવામાં આવે તેવાં ઘરેણાં | નુપૂર, ઝાંઝર<br>વિદ્યાધરસ્ત્રા આભરણ |
| (૪) આરોપ્ય | ઉપરથી પહેરવામાં આવે તેવાં ઘરેણાં - અંગો ઉપર જેનો આરોપ માત્ર કરવામાં આવે તેવાં ઘરેણાં-અંગોની ગોળ ફરતે ધારણ કરવામાં આવે તેવા ઘરેણાં | હેમસૂત્ર - સોનાનો હાર<br>વિવિધ હાર. |

(શ્લોક ૧૩ અને ૧૪ )

ભરતમુનિએ ઉપર્યુક્ત ચાર પ્રકારના આભૂષણ-ભેદોની પરિગણના ઉપરાંત પુરુષ તેમજ સ્ત્રીઓ દ્વારા વિભિન્ન અંગ ઉપાંગોમાં પ્રયોજ્ય વિવિધ ઘરેણાંઓનો ઉલ્લેખ કર્યો છે જે આ પ્રમાણે છે.

## પુરુષોના ઘરેણાં

પુરુષપાત્રોમાં દેવતાઓ તથા રાજાઓ દ્વારા પહેરવામાં આવતાં ઘરેણાંઓમાં ભરતમુનિ નીચેના ઘરેણાંઓનો ઉલ્લેખ કરે છે.

### (૧) શિર-ભૂષણ

પુરુષો દ્વારા મસ્તક ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંમાં ચૂડામણિ અને મુગટનો ભરતમુનિ ઉલ્લેખ કરે છે. અભિ.ભા. પ્રમાણે ચુડામણિ શિરોમધ્યે અર્થાત્ મસ્તકની વચ્ચે ધારણ

કરવામાં આવતો તથા મુગટ (લલાટોર્ધ્વે અર્થાત) લલાટની ઉપર આવેલાં પ્રદેશમાં ધારણ કરવામાં આવતો.

(શ્લોક ૧૬ પુર્વાર્ધ)

ડો. રાયગોવિન્દ ચંન્દ્ર પુરુષોના શિર-ભૂષણમાં ભરતમુનિએ અન્યત્ર વર્ણવેલા મુકુટ, કેશમુકુટ, મૌલિ, શીર્ષમૌલિ, કિરીટ તથા ચૂડામણિનો ઉલ્લેખ કરે છે. (વૈદિક યુગકે ભારતીય આભૂષણ પરિશિષ્ટ ૭ પૃ.૧૨૩)

(૨) કર્ણ - આભરણ

પુરુષો ધ્વારા કાનમાં પહેરવામાં આવતાં ઘરેણાંઓમાં ભરતમુનિ કુણ્ડલ, મોચક તથા 'કીલા'નો ઉલ્લેખ કરે છે. અભિ.ભા.પ્રમાણે કુણ્ડલ મધરપાલ્યામ્ - અર્થાત કુંડળ, કાનના નીચેના ખૂણે ધારણ કરવામાં આવતાં. મોચક કર્ણશષ્કુલ્યા મધ્યચ્છિદ્રે કૃતમ અર્થાત મોચક કાનની વચ્ચેના ભાગમાં છિદ્ર પાડી પહેરવામાં આવતું. કીલા - ઉર્ધ્વ ચ્છિદે ઉત્તર-કર્ણિકેતિ પ્રસિધ્ધા - અર્થાત્ કાનના ઉપરના ભાગમાં છિદ્ર પાડી તેમાં કીલા ભૂષણ પહેરવામાં આવતું.

(શ્લોક ૧૬ ઉત્તરાર્ધ)

ડો. રાયગોવિન્દ ચંદ્ર ભરતમુનિએ અન્યત્ર વર્ણવેલા 'કર્ણાભરણ' (અ.૨/૫૨) નો ઉલ્લેખ પુરુષોના કર્ણ-આભરણમાં કરે છે. આ ઉપરાંત કુણ્ડલ, મોચક અને કીલનો ઉલ્લેખ કરે છે. શ્રોણીસુત્રને તેઓ પુરુષોના કર્ણ-આભરણ તરીકે ઉલ્લેખે છે. (studies in the development of ornaments and jewellery in Proto-Historic India-Page-262) શ્રોણિસુત્રનો ઉલ્લેખ ભરતમુનિએ કટિના ભૂષણ તરીકે કર્યો છે.

કણ્ઠ - ભૂષણ

પુરુષો ધ્વારા કંઠમાં અર્થાત્ ગળામાં ડોકની ફરતે પહેરવામાં આવતા ઘરેણાંઓમાં ભરતમુનિ મૌક્તિકમાળા, હર્ષક તથા સુત્રકનો સમાવેશ કરે છે. અભિ.ભા.પ્રમાણે હર્ષક એ સાપના આકારવાળું ઘરેણું હતું. (સમુદ્ગક સર્પાદિરુપતયા પ્રસિધ્ધમ્) જ્યારે સુત્રક ગળામાં પહેરવાની માળા હતી. (ગુચ્છગ્રીવા-સૂત્રદિતયા પ્રસિધ્ધમ્)

(શ્લોક ૧૭ પુર્વાર્ધ)

ડો. રાયગોવિન્દ ચન્દ્ર ભરતમુનિ દ્વારા નિરુપિત પુરુષોના કંઠ ભુષણમાં સતસુત્ર, હર્ષક, માળા, માલ્ય (પાંચ પ્રકારની પુષ્પમાળાઓ વેષ્ટિટ, વિતત, સંઘાટય, ગ્રંથીમ, પ્રલંબિના) ત્રિસર, હાર, મુકતાવલી, મૌકિતકહાર, વ્યાલમ્બહારનો ઉલ્લેખ કરે છે.

અંગુલિ ભૂષણ

પુરુષો દ્વારા આંગળીઓ ઉપર પહેરવામાં આવતા ઘરેણાંઓમાં ભરતમુનિ વેતિકા તથા અંગુલિમુદ્રાનો સમાવેશ કરે છે. અભિ.ભા.પ્રમાણે સુક્ષ્મ કટકરુપા અંગુલિમુદ્રા પક્ષિપદ્માધાકારેણોપેતા – નાના કડાના દેખાવવાળો કલાત્મક વીંટી 'કટક' (વેતિકા) તથા પક્ષી અને કમળ વિગેરે આકારવાળી વીંટી 'અંગુલિ મુદ્રા' કહેવાતી. અંગુલિ મુદ્રા આભુષણના બને શબ્દો અંગુલિ અને મુદ્રા કાળાન્તરે પૃથક રુપે વિકાસ પામ્યા. 'મુદ્રારાક્ષસ' નાટકમાં મુદ્રા પ્રદાન તથા મુદ્રાધારણ અંગે જે વિવરણ મળે છે તેના આધારે આમ કહી શકાય.

ડો. રાયગોન્દિ ચન્દ્ર ભરતમુનિ દ્વારા નિરુપિત પુરુષોના અંગુલિ ભુષણમાં કટક, અંગુલિ તથા મુદ્રાનો સમાવેશ કરે છે. તેમણે પણ અંગુલિ તથા મુદ્રાને બે પૃથક ઘરેણા માન્યા છે.

બાહુનાલી વિભૂષણ

પુરુષો દ્વારા બાહુઓ ઉપર ધારણ કરવામાં આવતા ઘરેણાંઓમાં ભરતમુનિ 'હસ્તલી' તથા 'વલય'નો ઉલ્લેખ કરે છે. (શ્લોક ૧૮)

હસ્તલીનો એક અન્ય પાઠભેદ હસ્તવી મળે છે. ડો. રાયગોવિન્દ ચન્દ્ર તેને બાહુનાલીનું નહીં પરંતુ મણિબન્ધનું વિભૂષણ માને છે. તેજ પ્રમાણે વલયને પણ તેઓ મણિબન્ધનું ઘરેણું ગણાવે છે.

મણિબન્ધ વિભૂષણ

પુરુષો દ્વારા મણિબન્ધ અર્થાત્ કાંડા ઉપર ધારણ કરવામાં આવતા ઘરેણાંઓમાં

રુચક, અને ચુલિકાની ગણના કરે છે. અભિ.ભા. પ્રમાણે રુચક, કાંડા ઉપર ધારણ કરવામાં આવતું, સોનાનું, અંગુઠી જેવા ગોળ આકારવાળું, ઘરેણું હતું જ્યારે ચૂલિકા કાંડાના ઉપરના ભાગમાં ધારણ કરવામાં આવતી. (આજે જેને આપણે પહોંચો-પહુંચી કહીએ છીએ તે )

ડો. રાયેગોવિન્દ ચંદ્ર ભરતમુનિ દ્વારા નિરુપિત પુરુષોના મણિબન્ધ વિભૂષણમાં વલય (bangle) રુચિક ( wristlet ) ચિટિક (wristlet ) તથા હસ્તવો (bracelet ) નો ઉલ્લેખ કરે છે. રુચિક એ રુચકનોજ પાઠભેદ છે. ચુલિકાનો અન્ય પાઠભેદ ઉચ્ચિતક મળે છે. ચિટિક પાઠભેદ મળતો નથી. વલયને ભરતમુનિએ બાહુનાલીનું ભૂષણ માન્યું છે.

## કોણી - ભૂષણ

પુરુષો દ્વારા કૂર્પર અર્થાત્ કોણી ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાઓમાં ભરતમુનિ કેયુર તથા અંગદનો સમાવેશ કરે છે. અનેક સંસ્કૃત રચનાઓમાં પુરુષો ઉપરાંત સ્ત્રીઓ પણ કેયુર ધારણ કરતી હોવાના ઉલ્લેખો મળી આવે છે. જેમ કે કેયૂરે નૈવ જાનામિ નૈવ જાનામો કુણ્ડલે । નુપૂરે ચાભિ જાનામિ નિત્યં પાયાભિવન્દનાત્ ॥ તેજ પ્રમાણે ઉત્તરરામચરિતમાં સીતાહરણ પછી માર્ગમાં પડેલા ઘરેણાઓમાં કેયૂરનો નિર્દેશ મળે છે. અમરકોશની ટીકામાં ભાનુજી કેયુરની વ્યાખ્યા આપતા જણાવે છે કે ' કે બાહુશીર્ષે ચાતિ છાતિ કેયુરમ્ (અ.કો. ૨/૬/૧૦૭) કેયુર ઉપર અંગદ ધારણ કરવામાં આવતું.

ડો. રાયગોવિન્દ ચન્દ્ર કેયુર, અંગદને ભુજબન્ધ ( armlet ) નાં ઘરેણાં માન્યા છે. ભરતમુનિ નિરુપિત કૂર્પર-ભૂષણનો ઉલ્લેખ કર્યો નથી. કેયૂર, અંગદ ઉપરાંત મુકતાંગદને પણ ભુજબન્ધનું ઘરેણું માન્યું છે.

## અંગભૂષણ

પુરુષો દ્વારા આખા શરીર ઉપર મોતીની લાંબી સેર તથા પુષ્પની માળા ધારણ કરવામાં આવતી. (શ્લોક ૨૦ પુર્વાર્ધ )

પુરુષો દ્વારા આખા શરીર ઉપર પુષ્પની માળા ધારણ કરવામાં આવતી એવું એવું ભરતમુનિનું વિધાન પાંચ પ્રકારની પુષ્પમાળાઓ પુરુષપાત્રો દ્વારા ધારણ કરવામાં આવતી એવું અનુમાન કરવા પ્રેરે છે. ડો. રાયગોવિન્દ ચન્દ્ર, ભરતમુનિના આ વિધાનને આધારેજ માલ્યને પુરુષોએ ગ્રીવા-ભૂષણ માને છે.

વક્ષ: વિભૂષણ

પુરુષો દ્વારા વક્ષ:સ્થલ ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંઓમાં ત્રિસર તથા હારનો ઉલ્લેખ ભરતમુનિ કરે છે. મોતીની ત્રણ સેરથી નિર્મિત હાર ત્રિસર કહેવાતો. 'ત્રિસર: મુક્તાલતાત્રયેણ (અભિ.ભા. ભાગ-૩ પૃ.૧૧૨)

ડો. રાયગોવિન્દ ચન્દ્રે ભરતમુનિ નિરુપિત વક્ષ: વિભૂષણનો ઉલ્લેખ કર્યો નથી. ભરતમુનિએ જેને વક્ષ:વિભૂષણ કહયા છે તે ત્રિસર તથા હારને તેમણે ગ્રીવાના આભૂષણ ગણાવ્યા છે.

કટિવિભૂષણ

પુરુષો દ્વારા કટિ અર્થાત કેડ ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંમાં ભરતમુનિ તરતલ તથા સુત્રકનો ઉલ્લેખ કરે છે. તરલ, નાભિની નીચે સુધી લાંબા હારની વચ્ચે ધારણ કરવામાં આવતું તરલં નીભેરઘ: (અભિ.ભા.) તથા તરલો હારમધ્યગ: (અમ.કોષ) તરલની નીચે પહેરવામાં આવતી સેર અથવા માળા સુત્રક કહેવાતો.

ડો. રાયગોવિન્દ ચન્દ્રએ ભરતમુનિ નિરુપિત કટિવિભૂષણમાં તરલ તથા સુત્રકનો ઉલ્લેખ કર્યો છે. તરલને તેમણે a loose girdle કહી છે તો સુત્રકને girdle string for men કહી છે.

~~પુરુષોના વિવિધ ઘરેણાં નિરુપ્યા પછી ભરતમુનિ સ્ત્રીઓના વિવિધ આભૂષણો આ પ્રમાણે નિરુપે છે.~~

પુરુષ પાત્રોના આભૂષણો નિરુપ્યા પછી ભરતમુનિ સ્ત્રી પાત્રોના નખ-શિખ ભુષણો આ પ્રમાણે વર્ણવે છે.

## સ્ત્રીઓનાં ઘરેણાં

### શિર ભૂષણ

સ્ત્રીઓ દ્વારા મસ્તક ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંઓમાં ભરતમુનિ શિખા-પાશ, શિખાપત્ર, પિંડી (પિંડ) પત્ર, (ખંડવસ્ત્ર, ખંડપત્ર) ચૂડામણિ, મકરિકા, મુક્તાજાલ, ગવાક્ષ તથા વિવિધ પ્રકારના શિર્ષજાલ (Hair net) નો ઉલ્લેખ કરે છે. (અધ્યાય ૨૩/૨૨)

#### (૧) શિખાપાશ

શિખાપાશ અથવા ચુડાપાશ મસ્તક ઉપર વાળમાં ધારણ કરવામાં આવતો, મેઘદૂત (ઉત્તર ૨) માં 'ચૂડાપાશ' નો ઉલ્લેખ મળે છે તે કદાચ શિખાપાશ જ હોઇ શકે.

#### (૨) શિખાપત્ર

શિખાપત્ર (શિખાવ્યાલ) નો અર્થ સ્પષ્ટ કરતાં અભિનવગુપ્ત જણાવે છે કે નાગગ્રથિભિરુપનિબદ્ધો મધ્યે ફણિકાસ્થાનીયમ્ (અભિ.ભા. ભાગ-૩ પૃ.૧૧૨) અર્થાત નાગના જોડકાથી બનાવવામાં આવેલું ઘરેણું કે જેની વચ્ચે નાગની ફણા રહેતી. આજે પણ ઘણી સ્ત્રીઓ સર્પ-આકૃતિના અને ચાંદીના બનાવેલ આભૂષણ શિખા ઉપર ધારણ કરે છે.

#### (૩) પિંડીપત્ર

આ શિખાવ્યાલમાં જ્યારે નાગની ફણાની સાથે તેના મધ્યવર્તી સ્થાનમાં વિચિત્ર પ્રકારથી ગોળ આકારમાં પાંદડા બનેલા હોય અથવા તો તેની વચ્ચે જોડી દેવામાં આવ્યા હોય તો 'પિંડીપત્ર' અલંકાર કહેવાય છે. તસ્યૈવ દલસન્ધાનતયા ચિત્રરચનાનિ વર્તુલાનિ પત્રાણિ પિંડી પત્રાણિ । (અભિ.ભા. ભા/૩ પૃ.૧૧૨) ડો. રાયગોવિન્દ ચન્દ્ર અંબોડા ઉપરના આભૂષણ તરીકે પિંડીપત્રનો ઉલ્લેખ કરે છે.

(વૈદિક યુગકે ભારતીય આભૂષણ- પૃ.૧૨૪)

#### (૪) મકરિકા

મકરિકા એટલે મકરપત્રનુ નામનું ઘરેણું અને મકરિકાનો ઉલ્લેખ હર્ષચરિતમાં મળે છે.

ડો. વાસુદેવશરણ અગ્રવાલના મતે બે મકરમુખો મેળવી ફુલ-પાંદડા સાથે બનાવવામાં આવેલું આભુષણ મકરિકા કહેવાતું હતું અને તે કાનમાં ધારણ કરવામાં આવતું હતું. (હર્ષચરિત એક અધ્યયન પૃ. ૧૪)

(૫) મુકતાજાલ

મુકતાજાલ એટલે મોતીઓની જાળી. જેનો ઉલ્લેખ રઘુવંશમાં છે.

(૬) ગવાક્ષ

ગવાક્ષ કદાચ ત્રાંસુ જાળી જેવું વાળમાં ધારણ કરવામાં આવતું ઘરેણું હોઇ શકે.

(૭) શિર્ષજાલ

શિર્ષજાલ અર્થાત જાળીઓ તો આજે પણ જોવા મળે છે.

(૮) ચુડામણિ

ચુડામણિ, અભિનવગુપ્તના મતે માથાના વચ્ચેના ભાગમાં ધારણ કરવામાં આવે છે અને ત્યારબાદ મકરિકા પહેરવામાં આવે છે અને પછી મુકતાજાલ.

(૯) તિલક

તિલક સ્ત્રીઓ દ્વારા લલાટ ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંઓમાં ભરતમુનિ તિલક નામના ઘરેણાંનો ઉલ્લેખ કરે છે જે અનેક પ્રકારની કારીગરી દ્વારા નિર્મિત અનેક પ્રકારના સ્વરુપવાળું રહેતું. (૨૩/૨૩) તિલકનો ઉલ્લેખ હર્ષચરિતમાં મળે છે.

(૧૦) ગુચ્છ

ગુચ્છ ભ્રમર ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંમાં પુષ્પ આકારના 'ગુચ્છ' નામના ઘરેણાંનો ભરતમુનિ સમાવેશ કરે છે. (૨૩/૨૩) ડો. રાય ગોવિન્દ ચંદ્ર 'ગુચ્છ'ને લલાટનું ઘરેણું માને છે.

## કર્ણાભરણ

સ્ત્રીઓ દ્વારા કાનમાં પહેરવામાં આવતા વિવિધ ઘરેણાંઓમાં ભરતમુનિ નીચેનાં ઘરેણાંઓનો સમાવેશ કરે છે. કુણ્ડક, શિખિપત્ર, (ખડપત્ર), વેણીગુચ્છ, મોચક, કર્ણિકા, કર્ણવલય, પત્રકર્ણિકા, કર્ણપુર કુંડળ, કર્ણમુદ્રા, કર્ણભૂષણ, કર્ણોત્કીલક તથા અનેક રત્નોથી જડિત તથા વિવિધ સ્વરૂપોમાં નિર્મિત દન્તપત્ર. (૨૩ /૨૪-૨૫-૨૬)

### (૧) શિખિપત્ર

શિખિપત્ર-મોરની પૂંછડીના આકારવાળો વિવિધ રંગના મણીઓ ગુંથી બનાવવામાં આવતું એક ખાસ પ્રકારનું ઘરેણું હતું. શિખિપત્ર મયૂરપિચ્છાકારો વિચિત્રવર્ણરચિત: કર્ણાવતંસક: । (અભિ.ભા.ભાગ-૩ પૃ.૧૧૩) ડો.રાય ગોવિન્દ ચન્દ્ર શિખિપત્રને કાનનું ઘરેણું ના ગણતાં શિરનું આભૂષણ માને છે.

### (૨) દન્તપત્ર-રત્ન

દન્તપત્ર-રત્ન અથવા હાથીદાંતનું બનેલું કાનનું ઘરેણું (કર્ણકુંડલ) શિશુપાલ વધમાં તેનો ઉલ્લેખ મળે છે. વિલાસલોલોચિતદન્તપત્ર વિધિત્સયા નૂનમનેન માનિના (સર્ગ-૧) દન્તપત્રનો ઉલ્લેખ પ્રસન્ન રાઘવ, કાદંબરી, કુમારસંભવ વિગેરે રચનાઓમાં મળે છે.

### (૩) કર્ણપુર

કર્ણપુર એટલે કર્ણફુલ નામનું ઘરેણું જેનો ઉલ્લેખ હર્ષચરિત, કાદંબરી, ઋતુસંહાર, પ્રબોધચન્દ્રોદય વિગેરેમાં મળે છે. મુનિયર વિલિયમ્સના મતે પુષ્પોના બનેલું ને કાનની ચારે બાજુ પહેરવામાં આવતું ઘરેણું તે કર્ણપુર. એચ.એચ.વિલ્સનના મતે તે કર્ણકુંડલનોજ એક પ્રકાર છે.

### (૪) કર્ણોત્કીલ

અભિનવગુપ્તના મત પ્રમાણે કર્ણોત્કીલ કાનના ઉપરના ભાગમાં ધારણ કરવામાં આવતું. ડો.રાય ગોવિન્દ ચન્દ્રના મત પ્રમાણે કર્ણોત્કીલનો આકાર કચરુ જેવો રહેતો.

### (૫) કર્ણમુદ્રા

કર્ણમુદ્રા-મનમોહન ઘોષના મતે કર્ણમુદ્રા નામનું ઘરેણું પછાત જાતીની સ્ત્રીઓ પહેરતી હતી

(૬) કુણ્ડલ

અભિનવગુપ્તના મતે કુણ્ડલ અધરપાલીમાં પહેરવામાં આવતા. કુણ્ડલનો ઉલ્લેખ મૃચ્છકટિક તથા કર્પૂર મંજરીમાં મળે છે.

(૭) કર્ણિકા

કર્ણિકા નો ઉલ્લેખ પાણિનિએ કર્યો છે. મુનિયર વિલિયમ્સ તથા એચ.એચ.વિલ્સન તેનો અર્થ કર્ણકુંડલ કરે છે. કણિકાને કર્ણફુલ, એરન પણ કહેવામાં આવે છે. કુણ્ડલ સ્ત્રીપુરુષ બંને પહેરે છે જ્યારે કર્ણિકા માત્ર સ્ત્રીઓ. કર્ણિકાનો ઉલ્લેખ અનર્ઘરાઘવ તથા ઋતુસંહારમાં મળે છે.

ગણ્ડ વિભૂષણ

સ્ત્રીઓ ધ્વારા કપોલ ઉપર ધારણ કરવામાં આવતા ઘરેણાંઓમાં ભરતમુનિ તિલક તથા પત્રલેખાનો સમાવેશ કરે છે. (૨૩/૨૭)

(૧) તિલક

'તિલક' સોનાનું ઘરેણું કે જે આજે પણ પ્રચલિત છે. ગરીબ જાતિઓમાં તે ચાંદીનું બનાવેલું રહેતું. સોનાનો ચલ્લો રાજસ્થાનની કુલીન સ્ત્રીઓ ધારણ કરે છે.

'ધૂર્તવિટસંવાદ'માં એક સ્થાને ખિલતા કમળની આકૃતિના તિલકનો ઉલ્લેખ મળે છે.

(૨) પત્રલેખા

પત્ર લેખાનો ઉલ્લેખ માલતીમાધવમાં મળે છે. પત્રલેખાને ડો.રાય ગોવિન્દ ચન્દ્ર કટિનું આભૂષણ માને છે.

વક્ષોભૂષણ

સ્ત્રીઓ ધ્વારા વક્ષ:સ્થલ ઉપર ધારણ કરવામાં આવતા ઘરેણામાં ભરતમુનિ 'ત્રિવેણી' નો ઉલ્લેખ કરે છે. (૨૩/૨૭) આ ઉપરાંત અનેકવિધ કારીગરોથી બનાવેલા રત્નોના હાર

પણ વક્ષ:સ્થલના આભૂષણ રુપે પહેરાતા. સ્તન ઉપર/સ્તનથી પોઠ સુધી 'મણિજાલ' મણીઓનો બનેલો જાળો ધારણ કરવામાં આવતો. (૨૩/૩૪)

(૧) ત્રિવેણી

ડો. રાયગોવિન્દ ચન્દ્ર ત્રિવેણીને ગ્રીવાનું આભૂષણ ગણાવ્યું છે અને તેમાં ત્રણ સેર હોવાનું જણાવ્યું છે.

(૨) મણિજાલ

મનમોહન ઘોષ મણિજાલને વૃક્ષ અથવા પૃષ્ઠ બંનેનું આભૂષણ માને છે. ડો. રાયગોવિન્દ ચન્દ્ર મણિજાલને ગ્રીવાનું આભૂષણ માને છે. તેમના મતે મણિજાલ બહુમૂલ્ય પત્થરના ટુકડા (મણિકાઓ)માથી બનાવેલો જાળો છે.

નેત્ર તથા ઓષ્ઠનું ભૂષણ

ભરતમુનિ જણાવે છે તેમ નેત્રનું અંજન તથા ઓષ્ઠનું રંજન (રંગવું) ભૂષણ છે. (૨૩/૨૮)

દન્તાભૂષણ

ભરતમુનિના વિધાન પ્રમાણે ચાર સામેના દાંત (અર્થાત બે ઉપરના અને બે નીચેના) વિવિધ રંગો વડે રંગવા અથવા શુભ્ર રાખવા તે ભૂષણ સમાજન છે. જ્યારે દાંત રંગવામાં આવે ત્યારે તે શુભ્રની અપેક્ષા વધારે શોભા આપે છે. મુગ્ધ યુવતીઓના મોતી જેવા સુંદર દાંત, જ્યારે સ્મિતની દીપ્તીથી પ્રકાશી ઉઠે ત્યારે તથા કમળની સમાન રક્તવર્ણના રંગાયેલા હોય ત્યારે તેમજ તે સમયે ઓષ્ઠ પણ પલ્લવ જેવા લાલ વર્ણના હોય તેવી લલનાઓના વિલાસ તથા રાગપૂર્ણ અવલોકન, રુચિકર અને સૌંદર્યવર્ધક બની રહે છે. (અધ્યાય ૨૩ શ્લોક ૨૮ થી ૩૦)

કણ્ઠાભરણ

સ્ત્રીઓ દ્વારા ગળામાં ધારણ કરવામાં આવતા વિવિધ ઘરેણાંઓમાં ભરતમુનિ નીચેના ઘરેણાંઓનો સમાવેશ કરે છે. મુક્તામાળા (મુક્તાવલિ), વ્યાલપંક્તિ, મંજરી, રત્નમાલા, રત્નસર, રત્નાવલિ, સુત્રક તથા બે ત્રણ અથવા ચાર સુવર્ણ સેરોથી બનેલું ઘરેણું - શૃંખલિકા.

(અધ્યાય ૨૩ / શ્લોક ૩૧-૩૨)

(૧) મુકતાવલિ

મુકતાવલિ એટલે મોતીઓનો બનેલો એક સેરવાળો ગળાનો હાર. પ્રબોધચન્દ્રોદય તથા કર્પૂર મંજરીમાં તેનો ઉલ્લેખ મળે છે.

(૨) વ્યાલપંકિત

વ્યાલપંકિત એટલે સાપના દેખાવવાળું ગળાનું આભૂષણ.

(૩) મંજરી

મંજરી એટલે ગળાનો એવો હાર જેની બનાવટ મંજરી જેવી હોય. તે પ્રાચીન સમયમાં સોનાની તથા રત્નોની બનાવવામાં આવતી. ડો. રાયગોવિન્દ ચન્દ્ર વ્યાલપંકિત અને મંજરી એ બંનેને એકજ ઘરેણું 'વ્યાપંકિત મંજરી' માને છે અને તેને સર્પાકાર ટુકડાઓમાંથી બનેલું માને છે.

(૪) રત્નમાલિકા

રત્નાવલી એટલે રત્નોની લાંબી માળા. રત્નમાલિકા અને રત્નાવલી વચ્ચે માત્ર આકારગત તફાવત રહેલો છે. રત્નાવલી નાટકમાં રત્નમાલિકાની જગ્યાએ રત્નમાલા શબ્દ મળે છે.

(૫) સુત્રક :

સુત્રક : ભરતમુનિએ સુત્રકને કંઠનું આભૂષણ માન્યું છે. અભિનવગુપ્તના મત પ્રમાણે ગુચ્છગ્રીવા સૂત્ર વિગેરે સૂત્રક કહેવાય છે. ડો. રાયગોવિન્દ ચન્દ્ર સુત્રકને ગળાને બરાબર સ્પર્શી તે રીતે પહેરવામાં આવતું ઘરેણું માન્યું છે. સૂત્રકનો ઉલ્લેખ અભિજ્ઞાન શાકુંતલમાં મળે છે.

(૬) શૃંખલિકા

ડો. રાયગોવિન્દ ચન્દ્રના મતે શૃંખલિકા એવા પ્રકારનું કંઠાભૂષણ છે જેમાં મોતી, આકાર પ્રમાણે ગુંથવામાં આવે છે. શરુઆતમાં નાના મોતી પછી મોટા અને અન્તે ફરી નાના એ રીતે મોતી ગુંથવામાં આવે છે.

બાહુમૂલભૂષણ

સ્ત્રીઓ દ્વારા બાહુના મૂલ અર્થાત ઉપરના ભાગમાં પહેરવામાં આવતા ઘરેણાઓમાં

ભરતમુનિ અંગદ તથા વલય ઘરેણાંઓનો સમાવેશ કરે છે. (૨૩/૩૩)

અભિનવગુપ્તના મત પ્રમાણે કોણી ઉપર કેયૂર અને તેના ઉપર અંગદ પહેરવામાં આવતું.

(૧) અંગદ

મુનિયર વિલિયમ ડિક્શનરીમાં હાથની ઉપર પહેરવામાં આવતું હાથનું આભૂષણ અંગદ કહેવાય છે. અંગદનો ઉલ્લેખ ઋતુસંહાર તથા કાદંબરીમાં મળે છે.

(૨) વલય

ડો. રાય ગોવિન્દ ચન્દ્ર વલયને બાહુનાલી અથવા મણિબન્ધનું આભૂષણ માને છે. ભરતમુનિએ પણ પુરુષ પાત્રોના વિવિધ ઘરેણાં વર્ણવતી વેળા વલયને પુરુષો દ્વારા બાહુનાલિ ઉપર ધારણ કરવામાં આવતું ઘરેણું કહ્યું છે.

બાહુનાલી વિભૂષણ

સ્ત્રીઓ દ્વારા બાહુમાં પહેરવામાં આવતા ઘરેણાંમાં ભરતમુનિ 'સોચ્છિતિક' તથા ખર્જૂર નામના ઘરેણાં બાહુના સીધા ભાગ ઉપર-બાહુનાલી-પહેરવામાં આવતા હોવાનો ઉલ્લેખ કરે છે. (૨૩/૩૪)

'સોચ્છિતક' તથા 'ખર્જૂર' ઘરેણાંના આકાર વિશે કોઇ સ્પષ્ટીકરણ મળતું નથી. સ્થાનને આધારે તે બાજુબંધ જેવું કોઇ ઘરેણું હશે તેવી કલ્પના કરી શકાય. ડો. રાય ગોવિન્દ ચન્દ્ર 'ખર્જૂર'નો અર્થ કંગન કરે છે. 'સોચ્છિતિક'ને પણ તેઓ એક પ્રકારનું કંગન હોવાનું જણાવે છે. માલવિકાગ્નિમિત્રમાં માલવિકાના મણિબંધમાં નિશ્ચલ વલયોથી યુક્ત વામ બાહુનું વર્ણન મળે છે. અન્ય સંસ્કૃત નાટકોમાં મણિવલય, રત્નવલય, કનકવલય, મુખરિતવલય, મૃણાલવલય એવો ઉલ્લેખો મળે છે.

અંગુલિ-વિભૂષણ

સ્ત્રીઓ દ્વારા આંગળીઓ ઉપર ધારણ કરવામાં આવતા ઘરેણાંઓમાં ભરતમુનિ કટક,

કલશાખા, હસ્તપત્ર, સુપૂરક તથા મુદ્રા, અંગુલીયક વિગેરેનો ઉલ્લેખ કરે છે. (૨૩/૩૫)

(૧) હસ્તસુત્ર

કલશાખા, હસ્તપત્ર તથા સુપૂરક અપ્રસિધ્ધ અલંકાર છે. હસ્તસુત્રનો અર્થ શ્રી આપ્ટે કાંડા ઉપર બાંધવામાં આવતું ભૂષણ અથવા રક્ષાસુત્ર એવો કરે છે. (આપ્ટેકોશ) ડો રાયગોવિન્દ ચન્દ્ર હસ્તસુત્રને વિવાહનું બંધન માને છે. કુમારસંભવમાં હસ્તસુત્રનો ઉલ્લેખ મળે છે. ડો. રાયગોવિન્દ ચન્દ્ર કલશાખા, હસ્તપત્ર, સુપૂરકને હાથના ઉપરના ભાગમાં પહેરવામાં આવતું ઘરેણું માન્યું છે. અને કટક, મુદ્રા તથા અંગુલિયકને આંગળીનું ભૂષણ માન્યું છે. અભિનવગુપ્તના મતે અંગુલિયક ઉપર મણી, પધ્ય વિગેરેની આકૃતિ ચિહ્નિત હોય છે. શબ્દ કલ્પદ્રુમમાં મુદ્રાનો અર્થ મોહર અથવા છાપ કરવામાં આવ્યો છે. મુનિયર વિલિયમ્સ અંગુલિમુદ્રાનો અર્થ મોહર લાગેલી અંગુલીયક કર્યો છે. ડો. રાયગોવિન્દ ચન્દ્ર મુદ્રા અને અંગુલીયકને પૃથક ઘરેણાં માન્યા છે. અભિનવગુપ્તના મતે કટક નામનું આભૂષણ વેતિકા અથવા વેધિકા કહેવાય છે. ડૉ. રાયગોવિન્દ ચન્દ્ર આંગળીની ચારે બાજુ પહેરવામાં આવતી વીંટીને 'કટક' તરીકે ઓળખાવે છે. એચ.એચ. વિલ્સન સ્વર્ણનિર્મિત કડું અથવા કંગન કટક કહેવાય છે. મનમોહન ઘોષ કટકને કલાઇનું આભૂષણ માને છે. અમરકોષમાં કટકને હાથનું આભૂષણ ગણવામાં આવ્યું છે. મૃચ્છકટિકમાં કટકનો ઉલ્લેખ મળે છે.

કટિ વિભૂષણ

સ્ત્રીઓ ધ્વારા કટિ અર્થાત કેડ ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાંમાં ભરતમુનિ મોતીની જાળીથી યુકત કાંચી, મેખલા, રસના કલાપ તથા તલકનો ઉલ્લેખ કરે છે. કાંચી એક સેરની, મેખલા આઠ સેરની, રસના સોળ સેરની તથા કલાપ સેરની બનાવવામાં આવતી. દેવપત્નિ, મહાદેવી, તથા મહારાણીઓ ધ્વારા ધારણ કરવામાં આવતી મોતીની માળાઓ બત્રીસ, ચોસઠ તથા એકસો આઠ સેરની રહેતી. (૨૩/ શ્લોક ૩૬ થી ૩૮)

'તલક' એક વિશેષ પ્રકારનો કંદોરો છે કે જે કેડ ઉપર ધારણ કરવામાં આવતો અભિનવગુપ્તે તલક નાભિની નીચે પહેરવામાં આવતો હોવાનું જણાવ્યું છે. તેમજ બે કવાટના

જોડાણને પણ તલક કહ્યું છે.

અનેક સંસ્કૃત નાટકોમાં હેમ મેખલા, મણિમેખલા, મુક્તમેખલા, ભુજમેખલા, કનકમેખલા વિગેરેનો ઉલ્લેખ મળે છે. કર્પૂરમંજરીમાં કાંચીનો ઉલ્લેખ છે. માલવિકાગ્નિમિત્ર, મૃચ્છકટિકમાં 'રશના'નો ઉલ્લેખ મળે છે. માલતીમાધવ, પ્રસન્નરાઘવમાં કલાપનું વિવરણ મળે છે.

## પાદ ભૂષણ

સ્ત્રીઓ દ્વારા પગના વિવિધ ભાગો ઉપર પહેરવામાં આવતા વિવિધ ઘરેણાંઓ વિશે ભરતમુનિએ વિસ્તૃત ચર્ચા કરી છે. નૂપુર, કિંકિણી, રત્નજાલ, સંઘોષકટક તથા ઘણ્ટિકા નામના ભૂષણ ગુલ્ફ અર્થાત ઘૂંટણ/ઢીંચણ ઉપર ધારણ કરવામાં આવતાં ઘરેણાં છે. જાંઘ ઉપર 'પાદપત્ર' તથા પગની આંગળીઓમાં અંગુલીયક તથા અંગૂઠા ઉપર તિલક નામનાં ઘરેણાં ધારણ કરવામાં આવે છે. તિલકનો તલક પાઠ પણ મળે છે. અભિનવગુપ્ત તિલકા ઇતિ વિચિત્ર-રચના કૃતા: અર્થાત અનેક રૂપોમાં બનાવવામાં આવેલો અંગૂઠાની બિછિયા (હિંદી શબ્દ પ્રમાણે પરંપરાગત રીતે સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા પહેરવામાં આવતું પગના અંગુઠાનું ઘરેણું) હોવાનું જણાવે છે. આ ઉપરાંત પગનું એક વધારાનું ઘરેણું તે અલનો જે અનેક રચનાઓ વડે વિચિત્ર કરવામાં આવતું અને જેનો અશોક વૃક્ષના પાંદડા જેવો સ્વાભાવિક લાલ રંગ રહેતો.

( ૨૩ શ્લોક ૩૯ થી ૪૧ )

### નુપુર

અભિનવગુપ્તે નૂપુરને જંઘાનું આભૂષણ માન્યું છે. પ્રશિષ્ટ સંસ્કૃત નાટકોમાં મણિનુપૂર (માલતી માધવ), કવણિતનુપૂર, મૌક્તિકનુપૂર વિગેરે અનેક પ્રકારના નુપૂરોનું વિવરણ મળે છે.

### કિંકિણીક :

અભિનવગુપ્તના મતે જે આભૂષણમાં ઘંટડીઓ લગાડવામાં આવેલી હોય તે કિંકિણીકા કહેવાય છે. કર્પૂરમંજરી તથા કુમારસંભવમાં કિંકિણીકનો ઉલ્લેખ મળે છે.

### સઘોષકટક

અભિનવગુપ્તે અઘોષકટકનો અર્થ સહજ કટક કર્યો છે. શબ્દકલ્પદ્રુમ અનુસાર સ્વર્ણ્ય હંસ આકૃતિનું, ચરણનું આભૂષણ કટક કહેવાય છે. અમરકોષ પ્રમાણે ક નુપુરો વડે બનેલ પગનું વલય કટક કહેવાય છે.

### પાદપત્ર

ડો. રાય ગોવિન્દ ચન્દ્રના મતે પાદની આકૃતિનું બનેલું જંઘાનું આભૂષણ પાદપત્ર કહેવાય છે.

### અંગુલીય

ડો. રાય ગોવિન્દ ચન્દ્રના મતે પગની આંગળીઓની સામાન્ય વીંટીઓ અંગુલીય કહેવાય છે.

### અંગુષ્ટિતિલક

પગના અંગુઠામાં પહેરવામાં આવતી વીંટી અંગુષ્ટિતિલક કહેવાય છે. અભિનવગુપ્તના મતે અંગુષ્ટિતિલક વિચિત્ર રચનાનું બનેલું હોય છે. કુમારસંભવમાં એક સ્થલે અંગુષ્ઠના મુળમાં સુત્ર પહેરવાનો ઉલ્લેખ મળે છે.

સ્ત્રી-પુરુષોના ઘરેણાં સંબંધી સુક્ષ્મ વિવરણ નિરુપવા ઉપરાંત ભરતમુનિએ ઘરેણાં બનાવવાની વિધિ 'અલંકાર નિર્માણ'-વિધિ' પણ વર્ણવી છે જે આ પ્રમાણે છે.

### અલંકાર નિર્માણ

નાટ્યપ્રયોગ સમયે અસલી ઘરેણાંઓનો પ્રયોગ ન કરતાં અસલિયતનો આભાસ આપે તેવા કૃત્રિમ ઘરેણાં પહેરવા જોઇએ એવું મંતવ્ય ધરાવનાર ભરતમુનિ આવા કૃત્રિમ ઘરેણાં કેવી રીતે બનાવવાં તેની વિસ્તૃત ચર્ચા કરતાં જણાવે છે કે -

1) ઘરેણાં ભાણ્ડ (વાસણ-તુંબી અર્થાત નૂમડામાંથી બનાવેલું જે હલકું હોય), વસ્ત્ર, મધુચ્છિષ્ટ અર્થાત્ મધપુડો જેનો બનેલો હોય છે તે ચીકણો પદાર્થ એટલે કે મીણ, તામ્રપત્ર અર્થાત તાંબાના પતરાં તથા અબરખ (આભ્રપત્ર)ના પતરામાંથી બનાવો તેના ઉપર ચમક માટે અબરખ કે તાંબાનું પોઁ મારવું જોઇએ.

(અધ્યાય ૨૩ / શ્લોક ૨૦૦-૨૦૧)

(૨) વિવિધ મુકુટ પણ અબરખના ચમકતા પતરામાંથી (આભ્રપત્રોજ્જ્વલા:) બનાવવામાં આવે તો મણિ, માણેકની પ્રભાથી ચમકતા લાગે છે. (શ્લોક ૨૦૨)

૩) ભવિષ્યમાં માનવપેઢીઓ બળવિહીન થતી જશે. બળવિહીન મનુષ્ય ધ્વારા આંગિક અભિનયની રજુઆત ભારે વસ્તુઓ ધારણ કરવાથી બરાબર થઇ શકશે નહિ. આથી સોનાના રત્નો જડિત મુગટ નાટ્યપ્રયોગ સમયે ધારણ કરવા ન જોઇએ.

(શ્લોક ૨૦૪ /૨૦૫)

(૪) યુધ્ધ, બાહુયુધ્ધ, નૃત્ય તથા વિભિન્ન દૃષ્ટિઓના પ્રદર્શનમાં શરીર ઉપર ભારે ઘરેણાં લાવવામાં આવેલા હોય તો (નટ-નટોને) પરસેવો થાય છે અથવા મૂર્છા પામે છે અને જો (નટ/નટો)ને સ્વેદ અથવા મૂર્છા આવે તો નાટ્યપ્રયોગને હાનિ પહોંચે છે. ક્યારેક કઠોર અથવા શ્રમપૂર્ણ નૃત્યોની રજુઆતમાં આવાં અસલી ઘરેણાના ભારથી) (નર્તકના) જાનનો ખતરો પણ ઉભો થાય છે. એટલા માટે ઘરેણાં તાંબાના પાતળા તારમાંથી બનાવી તેના ઉપર અબરખ અથવા મીણ કે ભાણ્ડ (તુંબડાનો) નો ઢોળ ચઢાવવો જોઇએ. (શ્લોક ૨૦૬ થી ૨૦૮)

અલંકાર નિર્માણ વિધિ ઉપરાંત ભરતમુનિએ અલંકારોના પ્રયોગ સંબંધી કેટલાક સિધ્ધાંતો પણ આપ્યા છે.

## અલંકારના પ્રયોગ સંબંધી સિધ્ધાન્તો

ભરતમુનિએ અલંકારના પ્રયોગ સંબંધી કેટલાક મહત્વના સિધ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે તદાનુસાર -

(૧) શરીરના વિવિધ અંગ અને ઉપાંગો પર ધારણ કરવામાં આવતા અલંકાર/ઘરેણાઓનો પ્રયોગ પુરુષ તથા સ્ત્રી (પાત્ર)ની દેશ (habitation) અને જાતિ (tribal origin) (દેશજાતિસમુભવમ્) પ્રમાણે કરવો જોઇએ. (અધ્યાય ૨૩/શ્લોક ૧૫)

(૨) ઘરેણાઓનો પ્રયોગ રસ તથા ભાવની સ્થિતિ જોઇ તદાનુસાર કરવો જોઇએ. (યથાભાવરસાવસ્થં) (અધ્યાય ૨૩ / શ્લોક ૪૨)

(૩) આ ઘરેણાંઓનો મૂળસ્રોત વિશ્વકર્મા પ્રણીત શાસ્ત્ર છે પરંતુ તેનો પ્રયોગ આગમ અર્થાત્ પરંપરા, પ્રમાણ અર્થાત્ પહેરનારના શરીરના પ્રમાણ તથા રુપ અર્થાત શોભા અને સ્વરુપ પ્રમાણે કરવો જોઇએ. (શ્લોક ૪૩)

(૪) નાટ્યપ્રયોગમાં કોઇ એક વિશેષની રુચિ અનુસાર સુવર્ણ, મોતી તથા રત્નોથી નિર્મિત અલંકાર પ્રયોજાતા નથી કે સ્વચ્છાપુર્વક મનફાવે તેટલાં ઘરેણાં ધારણ કરવામાં આવતા નથી પણ યોગ્ય સ્થાને ઔચિત્યપૂર્ણ રીતે જો તે ધારણ કરવામાં આવે તો તેથી અંગોની શોભા વધે છે. (શ્લોક ૪૪/૪૫)

(૫) ઘરેણાં યોગ્ય સ્થાને ધારણ ન કરવાથી શોભા રહેતી નથી. જેમ કેડમાં પહેરવાનો કંદોરો - મેખલા છાતી ઉપર પહેરવાથી હાસ્ય ઉત્પન્ન થાય છે.

(અધ્યાય ૨૩ / શ્લોક ૭૦)

(૬) નાટ્યપ્રયોગ સમયે વિવિધ અવસ્થામાં વધારે અથવા (વજનમાં) ભારે ઘરેણાંઓનો ઉપયોગ ન કરવો જોઇએ. કારણ કે તેમ કરવાથી (નટ અથવા નટી દ્વારા થતી) આંગિક ચેષ્ટાઓ તથા અભિનય આદિ કાર્યોના પ્રદર્શનમાં ખેદ અર્થાત થાકનો અનુભવ થાય છે. વજનમાં ભારે એવા ઘરેણાં શરીર પર લાદવાથી (નટ/નટીના) શરીરથી પરસેવો છુટવા માંડે છે અને તેથી ઘણીવાર (નટ કે નટી) મૂર્છા પણ પામે છે. ભારે ઘરેણાં પહેરવાથી સમુચિત ચેષ્ટાઓ પણ યોગ્ય રીતે દર્શાવી શકાતી નથી. એટલે નાટ્યપ્રયોગ દરમ્યાન સુવર્ણના સાચા ઘરેણાંઓનો ઉપયોગ કરવાને બદલે લાખ વડે બનાવેલા અને આછા રત્નોથી જડેલા વજનમાં હલકા એવા ઘરેણાંઓનો ઉપયોગ કરવો જોઇએ. તેનાથી નાટ્યપ્રયોગ વખતે (નટ/નટીને) થાક લાગતો નથી.

(શ્લોક ૪૬ થી ૪૮)

(૭) દિવ્ય પાત્રો માટે ભૂષણ વિધાન ઐચ્છિક છે પરંતુ મનુષ્ય પાત્રો માટે ઘરેણાંઓનો ઉપયોગ પ્રયત્નપૂર્વક ભાવાનુસાર થવો જોઇએ. યત્નભાવ-વિનિષ્પન્નં માનુષાણાં વિભૂષણમ્ મનુષ્ય પાત્રોના અલંકાર વિભિન્ન દેશોના આધારે પ્રયોજવા જોઇએ. (નાનાદેશસમાશ્રય:)

સ્ત્રી અને પુરુષ પાત્રો ધ્વારા ધારણ કરવામાં આવતા વિવિધ આભૂષણો સંબંધી ભરતમુનિના વિવિધ વિધાનો તપાસતા જણાય છે કે પાત્રના વ્યકિતત્વને ઉપસાવવા કરતાં પાત્ર જે વર્ગનું પ્રતિનિધિત્વ કરતું હોય તે વર્ગની ખાસિયતો ઉપસાવવા માટે આભૂષણોનો વિનિયોગ સૂચવવામાં આવ્યો છે. દેશ, જાતિ પ્રમાણે ઘરેણાંનો વિનિયોગ લોકધર્મીતાનો, રસ તથા ભાવની સ્થિતિ પ્રમાણે ઘરેણાંનો પ્રયોગ રસના પ્રાધાન્યનો:, આગમ, પ્રમાણ તથા રુપ પ્રમાણે ઘરેણાંનો વપરાશ નાટ્યદૃષ્ટિનો તથા કથાવસ્તુની માંગ પ્રમાણે અને નહી કે ઇચ્છા અનુસાર ઘરેણાંઓનો વિનિયોગ ઔચિત્યનો ખ્યાલ આપે છે તો વાસ્તવિક ઘરેણાંની જગ્યાએ વાસ્તવિકતાનો આભાસ આપે તેવા પ્રમાણમાં હલકા ઘરેણાંઓનો પ્રયોગ ભરતમુનિની કલાદૃષ્ટિ અને વ્યવહારુતાનો ખ્યાલ આપે છે.

ભરતમુનિએ વિવિધ આભૂષણો ઉપરાંત વેશભૂષા સંબંધી પણ વિસ્તૃત વિચારણા રજુ કરી છે, જેમાં વેષવિધાન અંતર્ગત પુરુષ પાત્રોના ત્રિવિધ પ્રકારના વેષ, દિવ્ય તેમજ માનુષી સ્ત્રી પાત્રોના વેષ, વેષવિન્યાસ અંગેના સામાન્ય સિધ્ધાંતો, મુકુટવિધાન અંતર્ગત દેવતા તથા રાજાઓના વિવિધ મુકુટો તથા તેનો વિનિયોગ તેમજ કેશવિધાન અંતર્ગત વિવિધ પાત્રોની કેશરચના સંબંધી વિસ્તૃત આલોચના પ્રસ્તુત કરી છે.

## વેષવિધાન

ભરતમુનિ વેષના ત્રણ ભેદ માને છે. (૧) શુધ્ધ (૨) વિચિત્ર (૩) મલિન.
(શ્લોક ૧૧૮)

શુધ્ધ એટલે શુભ્ર અને સ્વચ્છ વેષ. વિચિત્ર એટલે રંગીન અને વિવિધ ભાતવાળો વેષ. મલિન એટલે અશુધ્ધ અને અસ્વચ્છ વેષ. એક પ્રક્ષિપ્ત શ્લોક પ્રમાણે (શ્લોક ૧૨૪ અને ૧૨૫ વચ્ચે) શુધ્ધ તથા વિચિત્ર વેષોમાં વિવિધ પ્રકારના શુધ્ધ વર્ણના, રકતવર્ણના તથા વિચિત્ર વર્ણોના વસ્ત્રો નાટ્યતત્ત્વજ્ઞએ યોજવા જોઇએ. મલિન વેષના પાત્રોમાં મલિન વસ્ત્રો જ યોજવા જોઇએ.

વેષના ત્રિવિધ ભેદ નિરુપ્યા પછી કયા પાત્રો માટે કયો વેષ પ્રયોજવો જોઇએ તેની ચર્ચા કરી છે.મહદ્ અંશે પુરુષ પાત્રો માટે આ ત્રિવિધ વેષ યોજવાનો ભરતમુનિ સંકેત કરતાં હોય તેમ જણાય છે.

શુધ્ધ

## શુધ્ધ

ક્યારે કયા પાત્રોનો વેષ 'શુધ્ધ' હોવો જોઇએ તેના વિશે ભરતમુનિએ વિગતથી છણાવટ કરી છે, તે પ્રમાણે -

(૧) દેવમંદિરમાં જતી વખતે, માંગલિક વિધિના અનુષ્ઠાન સમયે અથવા તિથિનક્ષત્રનો યોગ પૂછતી વખતે, વિવાહ સમયે તથા કોઇ ધાર્મિક વિધિ હોય ત્યારે સ્ત્રીઓ તથા પુરુષોનો વેષ શુધ્ધ હોવો જોઇએ. (શ્લોક ૧૧૯, ૧૨૦ પુર્વાર્ધ)

(૨) પ્રાયત્નિક પાત્રોનો વેષ પણ શુધ્ધ હોવો જોઇએ. પ્રાયત્નિકનો અર્થ છે પ્રયત્ને ભવા: પ્રાયત્નિકા: । અર્થાત વિનીત અથવા પ્રાસ્થિક એટલે કે વણિક જે પોતાનો માલ એક સ્થળથી બીજા સ્થળે વેચાણ અર્થે પહોંચાડે છે. આમ વ્યાપારાર્થપ્રવાસીનો વેષ પણ શુધ્ધ હોવો જોઇએ. (શ્લોક ૧૨૦ ઉત્તરાર્ધ)

(૩) કંચુકી, અમાત્ય, શ્રેષ્ઠી, પુરોહિત, સિધ્ધ, વિદ્યાધર, શાસ્ત્રવેત્તા, વિધ્વાન, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા(સ્થાનીય) રાજાધિકારીનો વેષ શુધ્ધ હોય છે. જે નાટ્યાશ્રિત વિધિ અનુસાર કરવો જોઇએ. (શ્લોક ૧૨૨/૧૨૩)

(૪) નક્ષત્રશાન્તિ, કોઇ વિઘ્નની શાંતિ માટે થતી માંગલિક વિધિ વખતે રાજાઓનો વેષ શુધ્ધ હોવો જોઇએ. (શ્લોક ૧૩૦ ઉત્તરાર્ધ)

## વિચિત્ર

કયા પાત્રનો ક્યારે, કેવો, 'વિચિત્ર' વેષ હોવો જોઇએ તેની ભરતમુનિએ વિગતવાર ચર્ચા કરી છે તે પ્રમાણે -

(૧) દેવ, દાનવ, યક્ષ, ગન્ધર્વ, નાગ, રાક્ષસ, નૃપ તથા ઉચ્ચપદસ્થ અધિકારી અથવા ઉત્તમ પ્રકૃતિ (કર્કશ)ના પાત્રોનો વેષ વિચિત્ર હોવો જોઇએ. (કર્કશ પદનો અર્થ ઉત્તમ પ્રકૃતિના કઠોર આચરણ ધારી પાત્ર એવો થાય છે.) (શ્લોક ૧૨૧)

(૨) મુનિ, જૈન સાધુ, બૌધ્ધભિક્ષુ, ત્રિદણ્ડી (સન્યાસી) તથા શ્રોત્રીય(યતિ) શૈવબ્રાહ્મણ તથા પાશુપતના વેષધારી વ્યક્તિઓનો વેષ ધાર્મિક વ્રત તથા આચાર અનુસાર

અથવા તેમના લોકપ્રસિધ્ધ સ્વરુપ પ્રમાણે રાખવો જોઇએ. (તદાનુસાર) પરિવ્રાજક, મહન્ત (મુનિ મુખ્ય) તથા તાપસનો આવશ્યકતા અનુસાર કાષાયવસ્ત્ર અર્થાત ભગવા રંગનો વેષ રહેવો જોઇએ. પાશુપત સંપ્રદાય (ના પાત્રનો) વેષ વિચિત્ર રાખવો જોઇએ તથા જે કુલીન પાત્ર હોય તેમનો વેષ તેમની સ્થિતિ અનુસાર રાખવો જોઇએ. આ ઉપરાંત તાપસ પાત્રોનો વેષ કયારેક ચીર તથા વલ્કલ યુકત તો કયારેક ચર્મયુકત રાખવો જોઇએ. (શ્લોક ૧૨૫ થી ૧૨૭)

(૩) અન્ત:પુરની રક્ષા માટે જે વ્યકિતઓ નિમવામાં આવી હોય તેમાં કચુકી વિગેરેનો વેષ કવચ ધારણ કરેલો અથવા કષાય અર્થાત ભગવા વસ્ત્ર ધારણ કરેલો હોવો જોઇએ. તે પ્રમાણે અન્ત:પુરની રક્ષકાઓનો વેષ પણ આવોજ હોવો જોઇએ. (શ્લોક ૧૨૮)

(૪) શૂર પાત્રોએ યુધ્ધને અનુરુપ 'સાંગ્રામિક' વેષ રાખવો જોઇએ અને ચમકતા શસ્ત્ર, કવચ તથા ધનુષ અને તરકસ ધારણ કરેલો રાખવો જોઇએ. (શ્લોક ૧૨૯)

(૫) રાજાઓનો વેષ તેમનાં નિત્ય કાર્યોમાં સામાન્યત: વિચિત્ર રાખવો જોઇએ.

મલિન

કયા પાત્રોનો વેષ મલિન હોવો જોઇએ તે વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે ઉન્મત્ત, પ્રમત્ત (નશાબાજ) પથિક તથા આપત્તિમાં ડુબેલી વ્યકિતઓનો વેષ મલિન હોવો જોઇએ. (શ્લોક ૧૨૪)

વેષવિધાન અંતર્ગત મહદ્ અંશે પુરુષપાત્રોના ત્રિવિધ વેષ અને તેના વિનિયોગ સંબંધી ચર્ચા કરવા ઉપરાંત ભરતમુનિએ દિવ્ય અને માનુષી સ્ત્રી પાત્રોના વેષ સંબંધી ચર્ચા પણ કરી છે જે આ પ્રમાણે છે -

સ્ત્રી પાત્રોનો વેષ

(૧) વિદ્યાધરની સ્ત્રી

વિદ્યાધર સ્ત્રીઓએ શુભ્ર વસ્ત્રો ધારણ કરવાં જોઇએ. અનેક મૌકિતક માળાઓ પહેરવી જોઇએ. વાળનો અણીદાર ચોટલો બાંધવો જોઇએ. (પાઠભેદ: વાળના ચોટલા ઉપર બાંધેલો તથા તેના ઉપર મોતીઓની અનેક માળાઓ હોવી જોઇએ.) (અધ્યાય ૨૩ શ્લોક ૫૩)

(૨) યક્ષી અને અપ્સરા

યક્ષ સ્ત્રી-યક્ષિ તથા અપ્સરાઓના ઘરેણાં રત્નજડિત હોવા જોઇએ તથા તેમના વસ્ત્રો પણ વિદ્યાધરની સ્ત્રી જેવા હોવા જોઇએ. માત્ર તેમની શિખા સાદી હોવી જોઇએ. (અર્થાત તેના ઉપર મોતીઓની માળા હોવી ન જોઇએ) (અધ્યાય ૨૩ શ્લોક ૫૪)

(૩) નાગ સ્ત્રી

નાગ સ્ત્રીઓના આભૂષણ પણ દિવ્ય સ્ત્રીઓની જેમ મોતી તથા રત્નજડિત હોય છે પણ તેમના આભૂષણો ઉપર ફણા અંકિત હોય છે. (શ્લોક ૫૫)

(૪) મુનિકન્યા

મુનિકન્યા અર્થાત ઋષિકન્યાઓએ એક વેણી ધારણ કરવી જોઇએ. તેમને ઘરેણાં પહેરાવવા ન જોઇએ તથા તેમનો વેષ પણ વનોચિત અર્થાત વન નિવાસને અનુરુપ અધિક સજાવટ રહિત હોવો જોઇએ. (શ્લોક ૫૬)

'અભિજ્ઞાન શાકુંતલ' ની તાપસબાળાઓ કેવળ વલ્કલજ ધારણ કરે છે.

(૫) સિધ્ધ સ્ત્રી

સિધ્ધ સ્ત્રીઓના ભૂષણ મોતી તથા મરકત (લીલમ) મણીઓથી જડિત હોય છે. તેમના વસ્ત્રો પીળા રંગના હોય છે. (શ્લોક ૫૭)

(૬) ગન્ધર્વ સ્ત્રી

ગન્ધર્વ સ્ત્રીઓનાં ઘરેણાં પદ્મરાગ અર્થાત લાલ રંગના મણિથી જડિત હોય છે. તેમના વસ્ત્રો કૌસુમ્ભવર્ણ અર્થાત કેસરિયા રંગના હોય છે. તેમના હાથમાં વીણા ધારણ કરેલી હોય છે. (શ્લોક ૫૮)

(૭) રાક્ષસ સ્ત્રી

રાક્ષસ સ્ત્રીઓનાં આભૂષણ ઇન્દ્રનીલ અર્થાત નીલમના હોય છે. તેમના દાંત સફેદ તથા વસ્ત્રો કૃષ્ણ રંગના અર્થાત નીલવર્ણના હોય છે. ( શ્લોક ૫૯ )

(૮) દેવીઓ

સુરયોષિતા અર્થાત દેવપત્નીઓ - દેવીઓના ભૂષણો મોતી તથા વૈદુર્ય-નીલરંગના મણિથી જડિત હોય છે. તેમના વસ્ત્ર શુકપિચ્છ અર્થાત પોપટની પૂંછડી જેવા લીલા રંગના હોય છે. ( શ્લોક ૬૦)

(૯) દિવ્યવાનરની સ્ત્રી

દિવ્યવાનરની સ્ત્રીઓના અલંકાર કયારેક પખરાજના તો કયારેક વૈદૂર્ય મણિના બનેલા હોય છે. તેમના વસ્ત્રો નીલવર્ણના હોય છે. ( શ્લોક ૬૧)

દિવ્ય સ્ત્રીઓના વેષ માત્ર શૃંગારમાં આ પ્રમાણેના રહે છે. અન્ય અવસ્થાઓમાં તે શુભ્ર રહે છે. ( શ્લોક ૬૨ )

વિવિધ પ્રકારની દિવ્ય નારીઓની વેષ નિરુપવા ઉપરાંત ભરતમુનિ વિવિધ માનુષી સ્ત્રીઓના વેષ આ પ્રમાણે વર્ણવે છે

(૨) માનુષી સ્ત્રીઓના વેષ

માનવી સ્ત્રીઓના વેશ ને આભરણ તેમના દેશ પ્રમાણે રાખવા જોઇએ એવું ભરતમુનિનું કથન છે. જે 'વેષભૂષા' ઉપર 'પ્રવૃત્તિ'ની અસર સૂચવે છે.

(૧) આવન્તી દેશની યુવતી

આવન્તી દેશની યુવતીના માથા ઉપરના વાળ વાંકોડિયા તથા ભરાવદાર હોવા જોઇએ. ( શ્લોક ૬૪ પૂર્વાર્ધ)

આવન્તી દેશ એટલે મધ્યપ્રદેશમાં આવેલો આજનો માલવ પ્રદેશ.

(૨) ગૌડ દેશની યુવતી

ગૌડ દેશની યુવતીના વાળ કયારેક વાંકોડીયા અને કયારેક શિખાપાશ-ચોટલો વાળેલા તથા વેણીયુકત હોવા જોઇએ. ( શ્લોક ૬૪ ઉત્તરાર્ધ)

ગૌડ દેશ એટલે ઉત્તર બંગાળની પાસે આવેલ માલદા પ્રદેશ.

(૩) આભીર યુવતી

આભીર જાતિની યુવતી બે વેણીઓ ધારણ કરે તથા મસ્તક ઉપર નીલ વર્ણનો એક દુપટ્ટો રાખવો જોઇએ. ( શ્લોક ૬૫ )

(૪) પૂર્વોત્તર પ્રદેશની સ્ત્રી

પૂર્વોત્તર પ્રદેશની સ્ત્રી પોતાની કેશ-શિખાઓ ઉપરની તરફ રાખે (સમુન્નદ્ધ) તથા વસ્ત્રથી પોતાનું શરીર કેશ સુધી ઢાંકેલું રાખે. (શ્લોક ૬૬)

(૫) દક્ષિણ પ્રદેશની સ્ત્રી

દક્ષિણ પ્રદેશની સ્ત્રીનો વેષ 'ઉલ્લેખ્ય' યુક્ત શરીર 'કુમ્બી બન્ધક'ને માથા ઉપર તથા આવર્તને લલાટ પર ધારણ કરેલો રહે છે. ( શ્લોક ૬૭ )

કુમ્બીબન્ધક એટલે એક પ્રકારનો ગોળ ચોટલો. ઉલ્લેખ્ય એટલે વિશિષ્ટ પ્રકારથી શરીર પર છૂંદણા છૂંદાવવા - વિશિષ્ઠ પ્રકારના છૂંદણાથી યુક્ત શરીર.

(૬) ગણિકા

ગણિકાઓનો વેષ તેમની રુચિ અનુસાર ઘરેણાંઓથી અલંકૃત રાખવો જોઇએ.

અવસ્થા અનુસાર સ્ત્રીઓના વેષ

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે સ્ત્રીઓનો વેષ તેમની પ્રકૃતિ તથા અવસ્થા અનુસાર રહેવો જોઇએ. પ્રોષિતભર્તૃકા અર્થાત જેનો પતિ પરદેશ ગયો છે તેવી સ્ત્રી તેમજ દુઃખથી આક્રાન્ત સ્ત્રીનો વેષ મલિન હોવો જોઇએ અને માથા ઉપર એક વેણી ધારણ કરેલી હોવી જોઇએ. વિપ્રલંભ અર્થાત્ પ્રિયતમથી વિયોગની અવસ્થામાં સ્ત્રીઓનો વેષ શુભ્ર હોવો જોઇએ. તેમના શરીર પર પ્રમાણમાં ઓછા ઘરેણાં હોય અને શરીર સાફ-સ્વચ્છ પણ ન હોવું જોઇએ. ( શ્લોક ૭૧-૭૩)

કાલિદાસે 'મેઘદૂત'માં વિરહિણી યક્ષિણીને મલિન-વસન, સન્યસ્તાભરણ તથા વેણીધારા રૂપે વર્ણવી છે.

ભરતમુનિએ નારીના વિવિધ અંગઉપાંગ માટે વિવિધ વર્ણ તથા આકારના કલાત્મક આભૂષણોનું વિધાન નારીના સૌંદર્ય તથા પ્રયોગાનુકૂળ ભાવ-રસની સમૃધ્ધિ અર્થે કર્યું છે પણ નારીના શરીરના વેષ તથા કેશ વિન્યાસ ધ્વારા વિશિષ્ટ જાતિ અને વિશિષ્ટ દેશવાસિની મહિલાનું જ્ઞાન રંગમંચ ઉપર થતું હોવાથી જાતિભેદ, દેશભેદ તથા અવસ્થાભેદના સંદર્ભમાં વિલક્ષણ વેષ, આભરણ અને કેશ-રચના સંબંધી વિધાન કર્યું છે. ખરેખર આ વિધાનના મુળમાં ભિન્ન ભિન્ન જાતિ અને વેશ-પ્રકૃતિ, આભરણ-પરિધાન કૌશલ તથા કેશ-રચનાના સૌંદર્યનું પૂર્ણ વિવરણ છે. આચાર્ય અભિનવગુપ્તે આ ત્રણે શબ્દોની અર્થપૂર્ણ વ્યુત્પત્તિ આપી છે. '' જે હૃદયને વ્યાપ્ત કરી લે, આવિષ્ટ કરી લે તે વેષ હોય છે. કેશની મનોહર રચનાવિધિ વેશજ છે. આભરણ ધ્વારા ચારે બાજુથી કાન્તિનું આભરણ અથવા પોષણ હોય છે. એટલે શિર અથવા વ્યાલ વિગેરે આભૂષણ અથવા આભરણ હોય છે. ક્ષુર-કર્મ ધ્વારા લલાટ પર અલક અથવા વાંકોડિયા કેશની રચના થાય છે અને પરિચ્છદ શરીરને ચારે બાજુથી આચ્છાદિત કરનાર વસ્ત્રોના યોગથી સંપન્ન થાય છે. નારીઓના શરીરની સાજ-સજ્જાની રચના આ વિધિઓથી મુખ્યપણે સંપન્ન થાય છે. - અભિનવગુપ્ત' ( અભિનવભારતી ભાગ-૩ પૃ.૧૨૦)

પુરુષ અને સ્ત્રી પાત્રોના વેષ નિરુપવા ઉપરાંત ભરતમુનિ વેષવિન્યાસ સંબંધી સામાન્ય સિધ્ધાંતો નીચે પ્રમાણે વર્ણવે છે.

## વેષ વિન્યાસ અંગેના સામાન્ય સિધ્ધાંતો

ભરતમુનિ વેષવિન્યાસ અંગે કેટલાંક સામાન્ય સિધ્ધાંતો નિરુપતા જણાવે છે કે -

(૧) દિવ્ય પાત્રોની ભૂમિકા તેમના અનેક અવસ્થાઓમાં રહેતી વિશિષ્ટ વેષ-રચનાથી તથા આભૂષણોની વિશેષતાથી અલગ પડવી જોઇએ. (શ્લોક ૫૦) દિવ્ય નારીઓનો વેષ શૃંગાર અવસ્થામાં વર્ણવ્યાનુંસારનો હોવો જોઇએ. શેષ અવસ્થાઓમાં શુભ્ર હોવો જોઇએ. ( શ્લોક ૬૨ )

(૨) વિધાધર, યક્ષી, નાગ, અપ્સરાઓ, ઋષિ તથા દેવકન્યાઓની વેષ-ગત વિવિધ વિશેષતાઓ રાખવી જોઇએ. તેજ પ્રમાણે સિધ્ધ, ગંધર્વ, રાક્ષસ, અસુર, વાનર તથા માનવ સ્ત્રીઓની વેષગત વિશેષતા રહેવી જોઇએ. (શ્લોક ૫૧-૫૨ )

(૩) માનવી સ્ત્રીઓનો વેષ દેશ તથા જાતિ અનુસાર હોવો જોઇએ. પોતાની જાતિની વિશેષતા પ્રમાણે વેશ, અલંકાર, કેશભૂષા રહેવા જોઇએ. (શ્લોક ૬૯)

(૪) સ્ત્રીઓનો વેષ તેમની અવસ્થા તથા પ્રકૃતિ અનુસાર રહેવો જોઇએ. (શ્લોક ૭૩)

(૫) પુરુષોના વેષમાં સર્વ પ્રથમ અંગોને ઉચિત વર્ણ અર્થાત્ રંગોથી રંગી તેમની પ્રકૃતિ તથા કાર્ય અનુસારનો વેષ નાટ્યનિર્દેશકે આપવો જોઇએ. (શ્લોક ૭૪)

(૬) ઉત્તમ, મધ્યમ તથા અધમ પ્રકૃતિઓનો વેષ તેમના દેશ, જાતિ, અવસ્થા તથા વય અનુસાર હોવો જોઇએ. નાટ્યપ્રયોગ સમયે સ્ત્રી તથા પુરુષનો વેષ શુભ અશુભ કાર્યમાં નિર્દિષ્ટ નિયમો પ્રમાણે રાખવો જોઇએ. (શ્લોક ૧૩૧/૧૩૨)

દિવ્ય નારીઓના વેષ સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ સ્પષ્ટપણે જણાવે છે કે દિવ્ય પાત્રોની ભૂમિકા, અનેક અવસ્થાઓમાં થતાં વેષ અને આભૂષણની વિશેષતા વડે જુદી પાડવી જોઇએ. વિદ્યાધર, યક્ષી, નાગ, અપ્સરાઓ, ઋષિ તથા દેવકન્યાઓનો વેષ-ગત વિવિધ વિશેષતાઓ રાખવી જોઇએ. (શ્લોક ૫૧-૫૨) ભરતમુનિ અહીં દિવ્ય પાત્રોને માનુષી પાત્રોથી અલગ તારવવા માટે તેમની વિશિષ્ટ સંકેતાત્મક વેષભૂષા રાખવાનો આગ્રહ સેવે છે જેને 'નાટ્યધર્મી' નું ઉદાહરણ કહી શકાય. માનુષી પાત્રોની વેષભૂષા, દેશ તથા જાતિ તેમજ અવસ્થા અને પ્રકૃતિ અનુસાર રાખવી જોઇએ એવું ભરતમુનિનું વિધાન લોકધર્મી' નું ઉદાહરણ છે. આમ વેષભૂષા ઉપર રસ, પ્રવૃત્તિ અને ધર્મીતાની અસર પણ જોવા મળે છે.

ભરતમુનિએ વિવિધ પાત્રોના મુકુટ તેમજ કેશરચના સંબંધી ચર્ચા કરી છે જેનો સમાવેશ વેષભૂષા અંતર્ગત કરી શકાય.

## મુકુટ વિધાન

દેવતા તથા રાજાઓ માટે નિર્મિત, મુકુટ ત્રણ પ્રકારના હોવાનું ભરતમુનિ જણાવે છે. (૧) પાર્શ્વાગત (૨) મસ્તકી (૩) કિરીટી. (શ્લોક ૧૩૪)

આ ત્રણ પ્રકારના મુકુટોમાં કિરીટી, બહુમૂલ્ય રત્નોથી જડિત તથા ઉત્તમ પ્રકારનો હોય છે અને તે માથા ઉપર ઉભો રાખવામાં આવે છે. મસ્તકી મુકુટ, માથું ઢંકાયેલું રહે તે રીતે ધારણ કરવામાં આવે છે અને તે પણ રત્નજડિત હોય છે. પાર્શ્વગતનો અર્થ છે પાર્શ્વમૌલિ મુકુટ. તેનું સ્વરુપ વર્તુળાકાર હોય છે. તે મસ્તકના એક અથવા અગ્ર ભાગને ઢાંકે છે તેને અર્ધમુકુટ પણ કહે છે. વિવેચક વિદ્વાનોનો એવો મત છે કે પાર્શ્વગત / પાર્શ્વમૌલિ શબ્દ પર્શુ આગત શબ્દથી બનેલો છે. પર્શુનો ઋગ્વેદમાં પણ ઉલ્લેખ મળે છે. તેનું મુળ પર્શિયા હોવાનું સંકેત મળે છે. તેના આધારે પર્શિયાવાસીઓ ધ્વારા વપરાતો પાર્શ્વગત અથવા વર્તુળાકાર મુકુટજ પાર્શ્વગત હોવાનું અનુમાન થયું છે.

## મુકુટ વિનિયોગ

શિરોવેષમાં આ ત્રણ પ્રકારના મુકુટનો પ્રયોગ દિવ્ય તથા પાર્થિવ પાત્રો ધ્વારા થાય છે. (દિવ્યપાર્થિવસંશ્રિત:) ભરતમુનિનું વિધાન છે કે સામાન્યત: દેવ, ગન્ધર્વ, યક્ષ, નાગ, તથા રાક્ષસોના મુકુટ અનેક પ્રકારના આકારમાં પાર્શ્વગત સ્વરુપવાળા હોવા જોઇએ. (શ્લોક ૧૩૫) દેવતાઓમાં જે શ્રેષ્ઠ હોય તેમનો મુકુટ 'કિરીટી' પ્રકારનો હોવો જોઇએ તથા મધ્યમવૃત્તિના દેવોનો મુકુટ મસ્તકી (મૌલી) તથા સામાન્ય દેવોનો મુકુટ પાર્શ્વમૌલિ હોવો જોઇએ. (શ્લોક ૧૩૬) રાજાઓનો મુકુટ મસ્તકી રહેવો જોઇએ. ૨(લોક ૧૩૭) સેનાપતિ તથા યુવરાજના મસ્તક ઉપર અર્ધમુકુટ રહેવો જોઇએ. (શ્લોક ૧૩૯). ભરતમુનિના કતન અનુસાર ઉત્તમ તેમજ દિવ્ય પાત્રો માટે કિરીટી મુકુટ, મધ્યમ પ્રકારના પાત્રો માટે મૌલિન અર્થાત્ મસ્તકી તથા કનિષ્ઠ પ્રકારના પાત્રો માટે પાર્શ્વમૌલિ મુકુટનો પ્રયોગ કરવો જોઇએ.

વિદ્યાધર, સિધ્ધ તથા ચારણ ગાંધર્વ માટે 'ગ્રથિત કેશ મુકુટ' (અર્થાત કેશની ગુંથણીથી કરવામાં આવતો મુકુટ જેવો આકાર) તથા સાધુઓના મસ્તક ઉપર 'જટામુકુટ' રહેવો જોઇએ. (શ્લોક ૧૩૭ અને શ્લોક ૧૪૧ ઉત્તરાર્ધ)

અમાત્ય, કંચુકી, શ્રેષ્ઠી, પુરોહિતોના માથા ઉપર 'પાઘડી' (વેષ્ટાનબધ્ધ પટ્ટાનિ

પ્રતિશીર્ષાણિ) લપેટવા જોઇએ. (શ્લોક ૧૩૮) અહીં શિરને ચારે બાજુથી વસ્ત્ર પટ્ટીઓથી બાંધવામાં આવતી પાઘડી (પ્રતિશિર) સમજવી. આ સિવાયના પાત્રો માટે તેમની પ્રકૃતિ, જાતિ તથા દેશ પ્રમાણે (દેશજાતિ વયશ્રુતમ્) શિરબંધ પ્રયોજવા જોઇએ એવું ભરતમુનિનું વિધાન છે. (શ્લોક ૧૪૦)

ભરતમુનિ દિવ્યપાત્રો તથા રાજા માટે મુકુટ તથા અમાત્ય, કંચુકી, શ્રેષ્ઠી, પુરોહિતોના માથા ઉપર 'પાઘડી' રાખવી જોઇએ એવું જે વિધાન કરે છે તે ધર્માંતાની અસર સૂચવે છે. દિવ્યપાત્રો તથા રાજાને અન્ય પાત્રોથી અલગ તારવવા માટે થતો મુકુટનો પ્રયોગ સંકેતાત્મક છે અને તેથી તે નાટ્યધર્મીનું ઉદાહરણ છે પણ અન્ય પાત્રો માટે પ્રકૃતિ, જાતિ તથા દેશ પ્રમાણે શિરબંધ પ્રયોજવાનું વિધાન લોકધર્મીનું ઉદાહરણ છે.

નાટકમાં આવતા વિવિધ પાત્રોની કેશરચના કેવી હોવી જોઇએ તે અંગે ભરતમુનિએ વિસ્તૃત આલોચના રજુ કરી છે જે આ પ્રમાણે છે.

## કેશવિધાન

ભરતમુનિનું વિધાન છે કે રાક્ષસ, દાનવ તથા દૈત્યોના માથાના વાળ પીળાશ પડતાં તથા મૂંછ લીલા રંગની તથા માથા ઉપર મુકુટ ધારણ કરેલા હોવા જોઇએ. (શ્લોક ૧૪૨) પિશાચ, ઉન્મત્ત (પાગલ), ભૂત, સાધુ તથા પોતાની પ્રતિજ્ઞાનું પાલન ન કરનાર વ્યક્તિઓએ લાંબા અને છુટા વાળ રાખવા જોઇએ. (શ્લોક ૧૪૩) શાક્ય (બૌદ્ધ સાધુ) નિર્ગ્રન્થ (જૈન મુનિ) શ્રોત્રિય બ્રાહ્મણ, પરિવ્રાજક (સન્યાસી) તથા યજ્ઞમાં દીક્ષિત પાત્રોનું માથું મુંડેલું હોવું જોઇએ. (શ્લોક ૧૪૪) તે પ્રમાણે અન્ય સાધુઓના મસ્તક તેમના વૃત્ત (આચાર) અનુસાર મુણ્ડિત, લુંચિત/કુંચિત (વાંકોડિયા વાળ) અથવા કેશધારી મસ્તક રહેવા જોઇએ. (શ્લોક ૧૪૫) વધુ, રાજોપજીવિની, શ્રૃંગારી પ્રકૃતિવાળા પાત્રોના મસ્તક કુંચિત અર્થાત્ વાંકોડિયાવાળયુક્ત રહેવા જોઇએ. (શ્લોક ૧૪૬) ચેટના મસ્તક ઉપર ત્રણ ચોટલી રહેવી જોઇએ તથા વિદૂષકનું મસ્તક કાં તો ટાલવાળું અથવા કાકપક્ષયુક્ત રાખવું જોઇએ. (શ્લોક ૧૪૭) બાળકોના માથા ઉપર ત્રણ શિખાઓ તથા મુનિજનોના માથે મુકુટ જેવી ઊંચા જટા હોવી જોઇએ. (શ્લોક ૧૪૧)

બાડોના પાત્રોના માથે દેશ, જાતિ, અવસ્થા પ્રમાણે શિરબંધ રહેવા જોઇએ. અથવા નો કેશવિન્યાસ રહેવો જોઇએ. (શ્લોક ૧૪૮)

'કેશવિધાન'ના અંતે ભરતમુનિ વેશભૂષા સંબંધી કથનોનું સમાહાર કરતાં જણાવે છે કે આ પ્રમાણે પાત્રોના વિચારપુર્વક વિભેદ જાણી તેમની અવસ્થા પ્રકૃતિ વિગેરેને તેમના વેષ, અલંકાર, વિભિન્ન કાર્ય તથા માળાઓ દ્વારા પ્રગટ કરી રસ તથા ભાવોની અભિવ્યકિત સાધવી જોઇએ. આમ પુરુષ તથા સ્ત્રીઓના વેષ રાખી તેમના શરીરને ભૂમિકા અનુસાર ઉચિતપણે રંગવા જોઇએ. (શ્લોક ૧૪૯ થી ૧૫૦ )

ભરતમુનિની વેષભૂષા રચના સંબંધી સમગ્ર ચર્ચાનું કેન્દ્ર 'પાત્ર' નહિ પણ એ પાત્ર જે વર્ગનું પ્રતિનિધાન કરતું તે 'વર્ગ' છે. તે વર્ગની દેશગત, જાતિગત જે વિશેષતાઓ હોય તેના આધારે-ભરતમુનિએ જેને પ્રવૃત્તિ કહી છે તેના આધારે - વેષભૂષાવિધાન કરવામાં આવ્યું હોય તેમ જણાય છે. આમ ભરતમુનિની વેષભૂષાગત વિચારણા ઉપર ધર્મોના, રસ તથા પ્રવૃત્તિની અસર જણાય છે.

નાટ્યશાસ્ત્રમાં નિરુપવામાં આવેલા વેષભૂષાવિધાનની સમીક્ષાના અંતે એટલું જરુર કહી શકાય કે ભરતમુનિએ વિવિધ પાત્રોના વેષવિધાનમાં કમરથી ખભા સુધીના ભાગને ઢાંકવા માટે વપરાતું વસ્ત્ર કે જેમાંથી ભારતમાં સાડીનો, ઉત્તરીયનો તથા શાલનો વિકાસ થયો, કમરથી નીચેના ભાગને ઢાંકવા માટે વપરાતું વસ્ત્ર કે જેમાંથી ભારતમાં ધોતિયાનો અને સાડીનો વિકાસ થયો, કમર ઉપર બાંધવામાં આવતું વસ્ત્ર કે જેમાંથી ભારતમાં કમરબંધ, અબોટિયું, ઓઢણી, વિગેરેનો વિકાસ થયો, , અંતરવસ્ત્ર કે જેમાંથી જાંગિયા, ચોળી-કંચુકીનો વિકાસ થયો અને શિરસ્ત્રાણ તરીકે વપરાતું વસ્ત્ર કે જેમાંથી ફેંટા, પાઘડીઓ, ટોપીઓનો વિકાસ થયો તેનો ઉલ્લેખ કર્યો નથી. વેષભૂષામાં તેમણે રંગવિષયક જેટલી ચર્ચા કરી છે તેટલી આ વસ્ત્રો અંગે કરી નથી. મુકુટ તથા પ્રતિશીર્ષ શબ્દોનો પ્રયોગ શિરસ્ત્રાણના સંદર્ભમાં થયો છે. પણ શિરોવસ્ત્ર તરીકે કોઇ વસ્ત્રનો ઉલ્લેખ મળતો નથી. વળી પ્રાચીન ભારતીય વેશભૂષાના વિવિધ તબક્કા-વૈદિક યુગ, મૌર્યયુગ, સાતવાહન યુગ, કુશાન યુગ, ગુપ્તયુગ, મોગલયુગ, - કોઇપણ યુગની વિશિષ્ટ વેષભૂષા સાથે ભરતમુનિ નિરુપિત વેષવિધાનનું

સામ્ય જોવા મળતું નથી. પાત્રની વેશભૂષામાં લોકધર્મીના કરતાં નાટ્યધર્મીતાનો વિશેષ પ્રભાવ હોવાથી આમ બન્યું હોય. વિવિધ પાત્રોના આભૂષણોના વર્ણનને તપાસતાં પણ તે કોઇ નિશ્ચિત યુગના આભૂષણો જણાતા નથી. ઉત્તર વૈદિક યુગના કેટલાક ઘરેણાં સાથે તેનું સામ્ય અવશ્ય જોવા મળે છે. ચાર પ્રકારના ઘરેણાંમાં ભરતમુનિએ બંધનીય-શરીરને બાંધીને પહેરવાના ઘરેણાંનો ઉલ્લેખ કર્યો છે. શતપથ બ્રાહ્મણ તથા તૈત્તિરિય બ્રાહ્મણમાં શરીર સાથે બાંધીને પહેરવાના ઘરેણા માટે ગુંફ શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે. આ ઉપરાંત બૌધાયન શ્રૌતસુત્રમાં શિરના આભૂષણોમાં 'જાલ' શબ્દનો પ્રયોગ થયો છે. નાટ્યશાસ્ત્રમાં શિરના આભૂષણો તરીકે શીર્ષજાલ તથા મુક્તાજાલનો ઉલ્લેખ છે. કટિના આભૂષણ તરીકે મેખલાનો ઉલ્લેખ જૈમિનિ, આશ્વલાયન ગૃહ્ય, પારસ્કર ગૃહ્ય, આપસ્તમ્બગૃહ્ય, ગોભિલગૃહ્ય, કાત્યાયન શ્રૌત, હિરણ્યકેશી ગૃહ્ય, વિગેરે વૈદિક સુત્રોમાં તથા અથર્વવેદ, તૈત્તિરિય ઉપનિષદ, કાઠક તથા મૈત્રાયણીમાં મળે છે. નાટ્યશાસ્ત્રમાં પણ મેખલાનો કટિના આભૂષણ તરીકે ઉલ્લેખ થયો છે. વાજસનેયી સંહિતા, 'તૈત્તિરીય ઉપનિષદ, કાઠક ઉપનિષદ તથા બ્રાહ્મણ ગ્રંથો તેમજ ગોભિલ ગૃહ્ય વિગેરે વૈદિક સુત્રોમાં 'રશના'નો કટિના આભૂષણ તરીકે ઉલ્લેખ મળે છે. નાટ્યશાસ્ત્રમાં પણ રશનાનો સ્ત્રીના કટિના આભૂષણ તરીકે ઉલ્લેખ થયો છે. વળી આપસ્તમ્બ વૈદિક સુત્રમાં કિંકિણીનો કટિના આભૂષણ તરીકે ઉલ્લેખ થયો છે. જેનો ભરતમુનિએ સ્ત્રીઓના પગના આભૂષણ તરીકે ઉલ્લેખ કર્યો છે. હિરણ્યકેશી વિગેરે વૈદિક સુત્રોમાં 'કુણ્ડલ' નો કાનના ઘરેણાં તરીકે ઉલ્લેખ થયો છે. ભરતમુનિએ પણ સ્ત્રી અને પુરુષ બંનેના કાનના ઘરેણાં તરીકે કુણ્ડલનો ઉલ્લેખ કર્યો છે. ફુલોની માળાના અર્થમાં 'માલ્ય' શબ્દ પંચવિંશ વિગેરે બ્રાહ્મણ ગ્રંથો તથા આશ્વલાયન ગૃહ્યસુત્ર વિગેરે વૈદિક સુત્રોમાં પ્રયોજાયેલો છે. ભરતમુનિએ પણ પુષ્પમાળાના અર્થમાં માલ્ય શબ્દ પ્રયોજ્યો છે. મુકુટના અર્થમાં 'મૌલિ' શબ્દ કાત્યાયન શબ્દ પ્રયોજ્યો છે. આમ ઉત્તર વૈદિક યુગના સાહિત્યમાં પ્રયોજાયેલા આભૂષણોને લગતા કેટલાક શબ્દો નાટ્યશાસ્ત્રમાં જોવા મળે છે. પાણિનિના ગ્રંથોમાં કર્ણિકા (કાનનું ભૂષણ), માલ (ગ્રીવાનું ભૂષણ) અંગુલીય (આંગળીનું ભૂષણ) શબ્દો મળી આવે છે જેનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં પણ મળી આવે છે. અશ્વઘોષના ગ્રંથોમાં મૌલિ તથા મુકુટનો ઉલ્લેખ સિરના આભૂષણ તરીકે

બુધ્ધ ચરિતતથા સૌન્દરાનન્દમાં, કુણ્ડલનો કાનના આભૂષણ તરીકે બુધ્ધચરિતમાં, કણ્ઠસુત્ર, હાર મુક્તનાવલી, માલ્યનો ગ્રીવાના આભૂષણ તરીકે બુધ્ધચરિતમાં, કેયૂર તથા અંગદનો બાહુના આભૂષણ તરીકે બુધ્ધચરિતમાં, મેખલા અને રશનાનો કટિના આભૂષણ તરીકે બુધ્ધચરિતમાં તથા કિંકિણી અને નૂપુરનો પગના આભૂષણ તરીકે બુધ્ધચરિતમાં ઉલ્લેખ મળે છે. ભરતમુનિએ આ બધાનો ઉલ્લેખ કર્યો છે એટલે અશ્વઘોષના ગ્રંથો સાથે વિશેષ સામ્ય છે. ભરતમુનિ નિરુપિત આભૂષણ વિધાનની વિશેષ અસર કાલિદાસના ગ્રંથોમાં જોવા મળે છે જે નીચેની સારણી પરથી વિશેષ સ્પષ્ટ થશે.

## <u>શિરનાં આભૂષણ</u>

મુકુટ- રઘુવંશ ૯- ૧૩, મૌલિ-કુમારસંભવમ્ (૯-૨૭, ૭-૧૪) તથા રઘુવંશ (૭, ૭૬, ૯-૨૦), ચૂડામણિ - રઘુવંશ (૧૭, ૨૮) કુમારસંભવમ્ (૨, ૩૪, ૭-૩૫), શિરસ્રજાલ - રઘુવંશ (૭, ૬૨), મુક્તાજાલ - કુમારસંભવમ્ (૭, ૮૧), મેઘદૂત, કિરીટ-રઘુવંશ (૬, ૯, ૧૦), કુમારસંભવમ્ (૧૨, ૨૯, ૭)

## <u>કાનના આભૂષણો</u>

કર્ણપુર - રઘુવંશ (૭, ૨૭), ઋતુસંહાર (૨,૨૫,), કર્ણિકા-ઋતુસંહાર (૬, ૬), કર્ણિકા ઋતુસંહાર (૬, ૬), કુણ્ડલ -રઘુવંશ (૧૦, ૫૧), ઋતુસંહાર (૨, ૨૦)

## <u>ગ્રીવાના આભૂષણો</u>

મુક્તાવલી - રઘુવંશ (૧૩, ૪૮), હાર-મેઘદૂત, ઋતુસંહાર, કણ્ઠસુત્ર રઘુવંશ, સુત્ર-મેઘદૂત, માલા-માલ-માલ્ય ઋતુસંહાર, કુમારસંભવમ્ તથા રઘુવંશ.

## <u>બાહુના આભૂષણો</u>

અંગદ- રઘુવંશ, ઋતુસંહાર, વિક્રમોર્વશીય , કેયૂર- રઘુવંશ, કુમારસંભવમ્.

## <u>મણિબન્ધના આભૂષણ</u>

વલય- રઘુવંશ, ઋતુસંહાર, મેઘદૂત, કુમારસંભવમ્, વિક્રમોર્વશીય, માલવિકાગ્નિમિત્ર.

## આંગળીના આભૂષણ

મુદ્રા - અભિજ્ઞાન શાકુંતલ, માલવિકા અગ્નિમિત્ર

અંગુલીય - રઘુવંશ, માલવિકાગ્નિમિત્ર, અભિજ્ઞાન શાકુન્તલ

અંગુલીયક - અભિજ્ઞાન શાકુંતલ

અંગુલીયક મુદ્રીકા - માલવિકાગ્નિમિત્ર

## કટિના આભૂષણ

મેખલા-ઋતુસંહાર, કાંચી-ઋતુસંહાર, રઘુવંશ, માલવિકાગ્નિમિત્ર, મેઘદૂત, રશના-રઘુવંશ, મેઘદૂત, રશના-ઋતુસંહાર, માલવિકાગ્નિમિત્ર, કલાપ-ઋતુસંહાર.

## પગના આભૂષણો

કિંકિણી - રઘુવંશ, નુપૂર - રઘુવંશ, કુમારસંભવમ્, ઋતુસંહાર વિક્રમોર્વશીય.

આમ કાલિદાસની કૃતિઓમાં આવના વિવિધ આભૂષણો ઉપર ભરતમુનિના આભૂષણ વિધાનની વિશેષ અસર જોવા મળે છે.